ચાહે સંકટને મુજે ઘેરા હો, ચાહે ચારોં ઓર અંધેરા હો, પર મન ના ડગમગ મેરા હો, રહે ધ્યાન તુમારે ચરણોમેં

**રાજ્યમાં વધુ ૪૮૦ નવા કેસ : અમદાવાદમાં ૩૧૮ : ગાંધીનગરમાં ૨૦**

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઇઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૮૯ | ૮ જુન, ૨૦૨૦, સોમવાર; જેઠ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# લદાખ સરહદે ચીને ફરી શસ્ત્રો તૈનાત કર્યા

**ચીની વાયુસેનાએ પણ વહેલીતકે સરહદ પર સૈન્ય અને શસ્ત્રો તૈનાત કરવાની ક્ષમતાના પરીક્ષણમાં ભાગ લીધો : ચીનના પગલાથી ભારત સાવધ થયું**



નવીદિલ્હી, તા. ૭

શનિવારે લદાખ બોર્ડર પર ચાલી રહેલા તણાવને કારણે કોર્પ્સ કમાન્ડર લેવલ અને ચીનના ડ્યુઅલ કેરેક્ટરની વાત ફરી દુનિયામાં આવી ગઈ છે. વાટાઘાટોમાં, ચાઈના વિવિધ સ્થાપિત પદ્ધતિઓ દ્વારા એક મહિનામાં લાઈન ઓફ એચ્યુઅલ કંટ્રોલ (એલએસી) ની તંગદિલીના શાંતિપૂર્ણ સમાધાન શોધવા સંમત થયા હતા, પરંતુ બીજી તરફ તે સૈન્ય કવાયત પણ ચલાવી રહ્યું છે. જ્યારે ચીન સત્તાવાર રીતે શાંતિ વિશે વાત કરે છે, તો પછી તેના સત્તાવાર મીડિયા દ્વારા, સૈન્ય દાવપેચની તસવીરો અને વીડિયો બતાવીને, દબાણની વ્યૂહરચના પણ જાળવવામાં આવે છે. આ બેવડા વલણથી ચીન માટે વિશ્વવ્યાપી વિશ્વસનીયતા સંકટ સર્જાયું છે, પરંતુ તે તેની આંખો ખોલી રહ્યો નથી. ચીનની સરકારના મુખપત્ર ગ્લોબલ ટાઈમ્સ અનુસાર, ચીન પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) એ ચીન અને ભારતની સરહદ પર તનાવ વચ્ચે મધ્ય ચીનના હુબેઈ પ્રાંતના હજારો પેરાટ્રોપર્સ અને

● અનુસંધાન પાન-૭ પર

## ભારતમાં ફરી તીડના હુમલાની સંભાવના

**ઈરાન અને પાકિસ્તાનમાં તીડનો આતંક જારી : ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશમાં ફરીવખત જોખમ વધ્યું**

નવી દિલ્હી, તા. ૧૧

સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા ખાધ અને કૃષિ સંગઠને ચેતવણી આપી છે કે, ભારતમાં થોડાક દિવસો બાદ ફરીથી એકવાર તીડના દળો હુમલો કરી શકે છે. એફએઓના ડાયરેક્ટર કયું ડોન્ગ્યુંએ કહ્યું હતુ કે, જૂન મહિનાના ફરીથી એકવાર તીડના દળો ભારત પાકિસ્તાન સીમા પર સક્રિય થઈ શકે છે. ભારતમાં તેની અસર રાજસ્થાન, ગુજરાત અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં થઈ શકે છે. ઈરાન અને પાકિસ્તાનમાં તીડનો આતંક શરૂ છે. ભારતના રાજસ્થાનમાં તીડના મોટા જૂથ ભયંકર મોટી સખ્યામાં પહોચી ગયા છે. અજમેર સહિત અનેક જિલ્લાઓમાં તીડના ઝુંડ ઉભા પાકોને નુકસાન પહોંચાડે છે.

● અનુસંધાન પાન-૭ પર

## શોપિયનનામાં એન્કાઉન્ટરમાં પાંચ આતંકવાદીઓને ઠાર

**સેનાનું સર્ચ ઓપરેશન હજુપણ જારી : અફવા અને ગડબડીથી બચવા માટે ઇન્ટરનેટ સેવા બંધ કરાઈ**

જમ્મુ, તા. ૭

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ વિરુદ્ધ સુરક્ષા દળનું ઓપરેશન સતત ચાલુ છે. રવિવારે પોલીસ અને સુરક્ષા દળોએ દક્ષિણ કાશ્મીરના શોપિયન જિલ્લામાં આતંકવાદીઓને ઘેરી લીધા હતા અને પાંચ આતંકીઓને ઘેરી લીધા હતા. હાલમાં એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. માર્યા ગયેલા આતંકીઓની ઓળખ કરવામાં આવી રહી છે. મોબાઈલ ઈન્ટરનેટ બંધ કરવામાં આવ્યું છે જેથી વિસ્તારમાં ગભરાટ ફેલાય નહીં. સુરક્ષા દળોને બાતમી મળી હતી કે રેબેન ગામમાં અનેક આતંકવાદીઓ છુપાયેલા છે. સુરક્ષા દળો અને પોલીસ ટીમોએ આ વિસ્તારને ઘેરી લીધો હતો. આતંકવાદીઓને સમર્પણ કરવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ તેમણે સુરક્ષા દળો પર ફાયરિંગ શરૂ કરી દીધી હતી. આતંકીઓના ફાયરિંગના જવાબમાં સુરક્ષા દળોએ પણ ગોળીબાર કર્યો હતો. બપોર સુધી બંને તરફથી સતત ફાયરિંગ કરવામાં આવી રહ્યું હતું. છેવટે, સુરક્ષા દળોએ પાંચ આતંકવાદીઓને ઠાર કર્યા હતા.

કાશ્મીર પોલીસે કહ્યું કે આ વિસ્તારમાં વધુ આતંકવાદીઓને છુપાવવાની સંભાવના છે, તેથી કાર્યવાહી ચાલુ છે. સુરક્ષા દળો અને પોલીસને આ વિસ્તારમાંથી દૂર કરવામાં આવ્યા નથી. હત્યા કરાયેલા આતંકીઓની લાશને દૂર કરવામાં આવી છે. હવે તેઓની ઓળખ થઈ રહી છે. એન્કાઉન્ટરને લઈને કોઈ પણ વિસ્તારમાં અફવા ફેલાઈ નથી, તેથી અહીં મોબાઈલ ઈન્ટરનેટ સેવા અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવી છે. કાશ્મીર પોલીસે કહ્યું કે સેનામાં આર્મીની ૧-આરઆર, સીઆરપીએફની ૧૭૮ બટાલિયન અને એસઓજીના જવાનોનો સમાવેશ થાય છે. શનિવારે બારામુલ્લા જિલ્લામાં આતંકવાદીઓ દ્વારા એક યુવકની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

## છેલ્લે... છેલ્લે...

- પેટ્રોલ - ડીઝલમાં ૬૦ પૈસાનો વધારો.
- દેશના ટેક્સ કલેક્શનમાં ૧૨.૩૩ લાખ કરોડની ઘટ.
- પૂર્વ પ્રધાનમંત્રી એચ.ડી. દેવગૌડા આવતીકાલે કર્ણાટકમાંથી રાજ્યસભા માટે ઉમેદવારીપત્ર ભરશે.
- કર્ણાટકના ફિલ્મી અભિનેતા ચિરંજીવ ૩૯ વર્ષની વયે સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા.
- યુએન સુરક્ષા પરિષદના સભ્યપદ માટેની ઝુંબેશ ભારતે વધુ તીવ્ર બનાવી
- ઓગસ્ટ બાદ જ શાળા-કોલેજો ખૂલશે: માનવ સંસાધન મંત્રી
- કોરોના સંકટ વચ્ચે અયોધ્યામાં ૧૦મી જૂનથી શરૂ થશે રામ મંદિરનું નિર્માણ કાર્ય
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો.

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૮૫૯૭૫ |
| તામીલનાડુ | ૩૧૬૮૭ |
| દિલ્હી | ૨૭૬૫૪ |
| ગુજરાત | ૨૦૦૯૭ |
| ઉત્તરપ્રદેશ | ૧૦૫૩૬ |
| રાજસ્થાન | ૧૦૩૮૫ |
| મધ્યપ્રદેશ | ૯૨૨૮ |
| પ.બંગાળ | ૮૧૮૭ |
| કર્ણાટક | ૫૪૫૨ |
| બિહાર | ૫૦૭૦ |

# દેશમાં નવા પોઝિટિવ કેસ ૧૦ હજારને પાર

**૨૯૭ના મોત : મૃત્યુઆંક ૬૯૪૬ પર પહોંચ્યા, અનલોક-૧માં વધુ છૂટછાટની વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા કેસો આજ સુધીના સૌથી વધુ**

ન્યુ દિલ્હી,તા.૭

દેશમાં કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ શકે છે અને આગામી બે ત્રણ મહિનામાં કોરોના તેના પીક પર પહોંચી શકે છે, એવી ગંભીર ચેતવણી એઈમ્સના ડિરેક્ટ રણદીપ ગુલેરિયાના અનુમાન વચ્ચે દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં અત્યાર સુધીમાં સૌથી વધારે ૧૦ હજારથી વધારે કેસો બહાર આવતાં હલચલ મચી છે અને સતત ચોથા દિવસે કેસોની સંખ્યા ૯ હજારથી ઉપર નોંધાયા છે. આજે રવિવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાકમાં વધુ ૨૯૭ દર્દીઓના મોત નિપજ્યા હતો.દરમ્યાનમાં આવતીકાલ ૮ જૂનથી મોલ-જીમ- ધારમિક સ્થળો લોકડાઉનના ૭૫ દિવસ પછી ખુલી રહ્યાં છે ત્યારે નિષ્ણાતો સંક્રમણ વધવાની શક્યતા નિહાળી રહ્યાં છે. જો કે સરકાર પાસે આ સ્થળો ખોલવા સિવાય અન્ય કોઈ વિકલ્પ પણ નથી. બીજી તરફ, અંદાજે ૩ હજારથી વધારે લોકોના મોત માત્ર વીતેલા ૧૫ દિવસમાં થયા છે. . ભારત હવે સ્પેનને પછાડીને કોરોનાના સૌથી વધારે દેશોની



યાદીમાં પાંચમાં નંબર પર પહોંચી ગયો છે.

દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા વધીને ૨ લાખ ૪૭ હજાર ૧૨૦ થઈ ગઈ છે. શનિવારે એક દિવસમાં સૌથી વધુ ૧૦ હજાર ૫૨૧ કેસ વધ્યા હતા અને તેની સામે ૫,૯૪૦ દર્દીઓ સાજા થયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક સમાન ૨૯૭ લોકોના મોત થયા છે. દેશમાં કોરોનાના લીધે મોતનો આંકડો ૬૯૪૬ પર પહોંચી ગયો છે. અત્યારે સમગ્ર દેશમાં ૧.૨૦ લાખ સક્રિય કેસ છે. ભારતમાં કોરોનાને હરાવવા સરકાર દ્વારા ચાર-ચાર લોકડાઉન બાદ પણ કોરોના વાયરસના કેસમાં ઘટાડો થવાને બદલે સતત વધારો થઈ રહ્યા છે. ઍઈમ્સજીના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાએ તો લોકડાઉન અંગે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે, લોકડાઉનથી કોઈ નોંધપાત્ર મદદ મળી નથી. દેશમાં વીતેલા ૧૫ દિવસોમાં થયેલી કુલ મોતમાંથી ૮૦ ટકાના મોત ૨૬ જિલ્લામાંથી થયા છે. ત્યાંજ મુંબઈ, દિલ્હી, અમદાવાદ, ઠાણે, પુણે અને ચેન્નાઈ એવા કેટલાક શહેર છે જેમાં વીતેલા બે અઠવાડિયામાં ૧૦૦થી વધારે લોકોના મોત થયા છે.

જો કે ભારતમાં કોરોનાનો મૃત્યુદર ૨.૮ ટકા છે જે ઘણો ઓછો છે. એટલે કે દેશમાં દરેક ૧૦૦ દર્દીઓમાંથી ૩ લોકોનો મોત થયા છે. વૈશ્વિક સ્તરે કોરોનાનો મૃત્યુદર ૫.૮ ટકા છે. અમેરિકામાં આ દર ૫.૭ ટકા, બ્રાઝીલમાં ૫.૫ અને રશિયામાં ૧.૨ ટકા છે.

## ભારતમાં 'સપ્ટેમ્બર' સુધીમાં કોરોના મહામારીનો અંત આવશે

**સ્વાસ્થ્ય મંત્રાલયના બે જન સ્વાસ્થ્ય વિશેષજ્ઞોએ દાવો કર્યો**

ન્યુ દિલ્હી,તા.૭

કોરોના વાયરસ ક્યારે ખતમ થશે? આ એક એવો સવાલ છે જે દરેકના મનમાં ઘૂમ્યા કરે છે. હવે લાગે છે કે આ સવાલનો જવાબ આવી ગયો છે. કોવિડ ૧૯ મહામારી સપ્ટેમ્બર મધ્યની આસપાસ ભારતમાં ખતમ થઈ શકે છે. સ્વાસ્થ્ય મંત્રાલયના બે જન સ્વાસ્થ્ય વિશેષજ્ઞોએ આ દાવો કર્યો છે. જેમણે આ તારણ પર પહોંચવા માટે Mathematical form પર આધારિત વિશ્લેષણનો સહારો લીધો.

વિશ્લેષણથી એ ફલિત થાય છે કે જ્યારે ગુણાંક ૧૦૦ ટકા પર પહોંચી જશે તો આ મહામારી ખતમ થઈ જશે. આ વિશ્લેષણ ઓનલાઈન જર્નલ એપીડેમીયોલોજી ઈન્ટરનેશનલમાં પ્રકાશિત થયું છે. આ અભ્યાસ સ્વાસ્થ્ય મંત્રાલયમાં Directorate general of health services (DGHS)માં ડેપ્યુટી ડિરેક્ટર (જન સ્વાસ્થ્ય) ડો. અનિલકુમાર અને DGHSમાં ડેપ્યુટી આસિસ્ટન્ટ ડિરેક્ટર (leprosy) રૂપાલી રોયે કર્યો છે.

તેમણે આ તારણ પર પહોંચવા માટે બેલીના સ્ફ્રૅીદ્વટ્ૅષ્ટ્ૃજ્ઞ ર્ક્દ્બિનો ઉપયોગ કર્યો. આ ગણિતિય સ્વરૂપ કોઈ મહામારીના પૂર્ણ આકારના વિતરણ પર વિચાર કરે છે જેમાં સંક્રમણ અને તેનાથી બહાર આવવાનું... બંને સામેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીની હોસ્પિટલમાં માત્ર દિલ્હીવાસીઓની જ સારવાર થશે

ન્યુ દિલ્હી,તા.૭

કોરોના વાયરસ કાળમાં દિલ્હી સરકારે મોટો નિર્ણય લીધો છે. હવે દિલ્હીથી બહારના લોકોને દિલ્હીમાં સારવારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. નિર્ણય મુજબ દિલ્હીમાં હાલ દિલ્હી સરકારના સરકારી હોસ્પિટલ અને ખાનગી

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૭૦૩૧૫૭૮ | ૧૧૨૧૮૭ | ૩૨૯૩૨૧૨ |
| ભારત | ૨૫૪૯૭૪ | ૭૧૧૯ | ૧૨૨૮૨૮ |
| ગુજરાત | ૨૦૦૯૭ | ૧૨૪૯ | ૧૩૬૪૩ |
| ગાંધીનગર | ૪૨૦ | ૧૮ | ૧૮૮ |

## વિશ્વમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૭૦ લાખની નજીક

**દુનિયામાં કોરોનાથી થનારા મોતનો આંકડો ૪ લાખની નજીક, અમેરિકામાં સૌથી વધુ અસર**

વોશિંગ્ટન,તા.૭

કોરોના વાયરસના કારણે સંક્રમણનો ખતરો સતત વધી રહ્યો છે. દુનિયાભરમાં ફેલાયેલા કોરોના વાયરસનો આંકડો ૭૦ લાખ પર પહોંચવા આવ્યો છે. દુનિયાભરમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કારણે જીવ ગુમાવનારાઓનો આંકડો ૪ લાખ પર પહોંચવા આવ્યો છે. જ્યારે દુનિયામાં ૩૪.૧૩ લાખ લોકો કોરોના વાયરસને હરાવીને સ્વસ્થ થઈ ગયા છે.

કોરોના વાયરસના સૌથી વધુ કેસ અમેરિકામાં છે. અમેરિકામાં ૧૯.૮૮ લોકો વાયરસની ચપેટમાં આવ્યા છે. જ્યારે ૧.૧૨ લાખ કરતા વધારે લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. બ્રાઝિલ, ભારત, રશિયા અને પેરુ જેવા દેશોમાં કોરોના વાયરસના કારણે મરનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. મેક્સિકો અને બ્રાઝિલમાં કોરોના વાયરસ હોટ-સ્પોટ બન્યા છે. મેક્સિકોમાં કોરોના વાયરસના કારણે ૧૩,૫૧૧ લોકોના મોત થયા છે જ્યારે બ્રાઝીલમાં ૩૬,૦૦૦ કરતા વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે.

અમેરિકા અને બ્રાઝીલ બાદ ફ્રાન્સમાં લોકડાઉનનો વિરોધ શરુ થઈ ગયો છે. ફ્રાન્સની રાજધાની પેરિસમાં લોકડાઉનના વિરોધમાં લોકો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. આ બધાની વચ્ચે ભારતમાં લોકડાઉનમાં ભારે છૂટછાટો આપવામાં આવી છે. સરકારે હોટલો, શોપિંગ-મોલ અને ધાર્મિક સ્થળો ખોલવાની મંજૂરી આપી છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નેશનલ ઈમરજન્સીની જાહેરાત કરી છે. તમામ ૫૦ રાજ્યોમાં સહાયની જાહેરાત કરવામાં આવી છે. દેશની ૩૩ ટકા વસ્તીમાંથી ૯૫ ટકા કરતા વધારે લોકોને ઘરમાં રહેવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

## બ્રાઝીલના રાષ્ટ્રપતિ બોલસોનારોએ WHOથી છેડો ફાડવાની ધમકી ઉચ્ચારી

બ્રાઝિલ,તા.૭

વિશ્વભરનાં દેશો જીવલેણ કોરોનાની સામે ઝઝૂમી રહ્યા છે. ત્યારે આ વચ્ચે અમેરિકા બાદ હવે બ્રાઝીલે પણ વિશ્વ આરોગ્ય સંસ્થા પર ગંભીર આરોપ લગાવ્યા છે. સાથે સાથે બ્રાઝિલે વિશ્વ આરોગ્ય સંસ્થાની બહાર નિકળવાની ધમકી પણ તેમણે આપી છે. બ્રાઝીલમાં મૃતકોની સંખ્યા ૩૫ હજારને પાર પહોચી ચૂકી છે. જેથી ત્યાના રાષ્ટ્રપતિ બાયર બોલ્સોનોરોએ એવુ કહ્યું છે કે જો વિશ્વ આરોગ્ય સંસ્થા તેનું પક્ષપાત ભર્યું વર્તન નહી છોડે તો તેમનો દેશ સંસ્થા જોડે તમામ સંબોધો તોડી કાઢશે.

જોકે રાષ્ટ્રપતિ બાયર બોલ્સોનોરોએ તેના દેશમાં લોકડાઉન કરવા પણ ઘણો વિરોધ કર્યો હતો. છેલ્લા ચાર દિવસમાં બ્રાઝીલમાં હવે સંક્રમણની સંખ્યા ૧ લાખને પાર કરી ગઈ છે. બીજી તરફ ફીનલેંડમાં કોરોના ખતમ થવાની તૈયારીમાં છે.ન્યુઝીલેન્ડમાં ૧૪ દિવસથી એક પણ કેસ નોંધાયો સાથેજ ઈટલી સ્પેન તથા બ્રિટેનમાં પણ નવા કેસ આવતા ઓછા થઈ ગયા છે.

बैंक ऑफ इंडिया Bank of India BOI સંબંધોની મૂડી

ઝોનલ ઓફિસ, ગાંધીનગર ઝોન, બી.ઓ.આઈ. બિલ્ડિંગ, બીજો માળ, સેક્ટર ૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬. ફોન: ૦૭૯-૨૩૨-૩૩૯૨૩. ઈમેલ: Gandhinagar.HRD@bankofindia.com

**ગાંધીનગર ઝોનલ ઓફિસ ખાતે રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનર (MBBS) નિમણૂક માટે**

બેન્ક ઓફ ઈન્ડિયા, ગાંધીનગર ઝોનલ ઓફિસ ખાતે રજીસ્ટર્ડ મેડિકલ પ્રેકટીશનર (MBBS) (ગાંધીનગર બેઝડ હોવા જરૂરી છે.) ની કરાર આધારિત નિમણૂક કરવાની હોઈ યોગ્ય પાત્રતા ધરાવતા તેમજ ઈચ્છુક MBBS ડોક્ટરો તેના માટેનું નિયત અરજીપત્રક ગાંધીનગર ઝોનલ ઓફિસ ખાતેથી સોમવાર થી શુક્રવાર દરમિયાન ૧૧.૦૦ થી ૪.૦૦ સુધી મેળવી શકે છે. અરજીપત્રક ભરીને બંધ કવરમાં જમા કરાવવાની અંતિમ તારીખ: ૧૭.૦૬.૨૦૨૦ રહેશે. નિમણૂક બેંકના ધારાધોરણો મુજબ રહેશે. જેની વિગતો કચેરી ખાતેથી મેળવી શકશો.

શુભેન્દુકુમાર બેહેરા, ઝોનલ મેનેજર, ગાંધીનગર ઝોન